અખબાર યાદી

---

**સહકાર ખાતાના કર્તવ્યનિષ્ઠ નિવૃત અમલદાર અને રાજકોટ જિલ્લા સહકાર પરિવારના વરિષ્ઠ સદસ્યશ્રી એન.એમ.આજડાનું 73 વર્ષની વયે રાજકોટ ખાતે દુ:ખદ નિધન થતાં સહકાર પરિવાર શોકગ્રસ્ત થયો.**



સહકાર પરિવારનું સદાચારી અને સૌથી વધુ સૌજન્યશીલ વ્યક્તિત્વ ગણાતા શ્રી નથુભાઇ આજડાનું તારીખ 22/9/2018ના રોજ વહેલી સવારે રાજકોટ ખાતે તેમના પારિવારિક નિવાસસ્થાને નિધન થયું છે. સહકાર ખાતામાં ચાર દાયકા સહિત જીવનના સાત દાયકાની નિષ્કલંક અને પ્રમાણિક કારકિર્દી ધરાવતા સ્વર્ગસ્થ શ્રી આજડા સાહેબ સહકાર પરિવારનું એક ઉમદા અને માનવતાવાદી વ્યક્તિત્વ હતું.

બીજાને ઉપયોગી થવા સદાય તત્પર રહેતા શ્રી આજડા સાહેબએ સહકારના મૂલ્યો ખરા અર્થમાં આત્મસાત કર્યા હતા અને પોતાના સમગ્ર જીવન દરમ્યાન આ મૂલ્યો પાળ્યા હતા.

સાથી કર્મચારી મિત્રોની કોઈપણ સમસ્યા હોય તેના ઉકેલ માટે અથાક પ્રયાસ કરી તેના ઉકેલ સુધીનું ફોલો-અપ કરીને પરિણામલક્ષી કામગીરી કરવાની તેમની કાર્યશૈલી અનુકરણીય છે. નિવૃત થતાં કર્મચારીઓને સંપૂર્ણ માન-સન્માન મળે તે માટેના સત્કાર સમારંભ યોજવા એ તેમનો આગવો અને વિશિષ્ટ શોખ રહ્યો હતો અને આ માટે તેવોશ્રી જીવનના અંતિમ દિવસો સુધી દિલથી કામ કરતાં રહ્યા છે. સમસ્યાઓથી ઘેરાયેલા હોય , તબિયત ખરાબ હોય, તેમ છતાં સદાય પ્રસન્ન પ્રફુલિત અને હળવુંફૂલ વ્યક્તિત્વ ધરાવતા શ્રી આજડા સાહેબ આર્થિક સ્થિતિ તંગ હોય છતાં બીજાને ઉપયોગી થવા માટે જીપીએફમાથી ઉપાડ કરીને પણ મદદ આપતા રહેતા હતા. બીજા પાસેથી ઉછીના લઈને પણ સખાવતો કરવી તે તેમનો સ્વભાવિક ગુણ હતો.

કાયદાની જાણકારી અને કાયદાનું હકારાત્મક અર્થઘટન કરી લોકોને ઉપયોગી થવાના સ્વભાવના કારણે સહકારી સંસ્થાઓ અને સહકારી કર્મચારીઓમા તેવો શ્રી લોકપ્રિય રહ્યા હતા. આજે પણ સહકારી સંસ્થાઓ સાથેના તેમના સબંધો અતૂટ રહ્યા છે. કાયદાનું કોલ સેન્ટર તરીકે પ્રખ્યાત થયેલા શ્રી આજડા સાહેબ કોઈ પણ સાહિત્ય કે કાયદાની ચોપડી સાથે રાખ્યા વગર ફોન ઉપર સતત ત્વરિત માર્ગદર્શન આપતા રહેતા હતા. કોઈનો પણ મોબાઈલ નંબર માંગો તેમને મોઢે હોય ત્વરિત હાજર કરી આપે. ગજબની યાદશક્તિ ધરાવતા નોખી માટીના અનોખા માણસ હતા.

સરકારી અને સહકારી કાર્યનું અદભૂત સંકલન કરવાની વહીવટીશક્તિ, નખશિષ પ્રમાણિક , કર્મઠ અને અપેક્ષાવિહીન નિર્મોહી જીવન શૈલી ધરાવતા શ્રી આજડા સાહેબ સબંધો નિભાવી જાણતા હતા. દઢ મનોબળ ધરાવતું એક સંવેદનશીલ વ્યક્તિત્વ ક્ષિતિજમાં વિલન થઈ ચૂક્યું છે. સદ્દગતના આત્માની શાંતિ માટે સહકાર પરિવારે પ્રાર્થના કરીને તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી છે. સદ્દગતનું બેસણું તારીખ 24/9/2018ને સોમવારના રોજ સાંજના 4.00 થી 6.00 કલાક સુધી "પુર્ણિમા કૉમ્યુનિટી હૉલ" માયાણી ચોક બેકબોન શોપિંગ સેન્ટર પાસે રાજકોટ ખાતે રાખવામા આવેલ છે.